Received on : 17-06-2026
Registered on : 17-06-2026
Decided on : 25-06-2026
Duration : Y M D
- - 07

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**ફોજદારી પરચુ.અરજી નં.૪૯૩/૨૦૨૬.**

આંક–

**અરજદાર.** ક્રિષ્નાબેન હેમરાજભાઈ ચૌહાણ,
ઉ.વ.આ.૧૯, ધંધો–નોકરી,
રહે. બ્લોક નં.૮, રૂમ નં.૧૦૬,
નર્મદા એપાર્ટમેન્ટ, મેટ્રો સ્ટેશન નજીક,
વસ્ત્રાલ, અમદાવાદ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૨ હેઠળ આગોતરા જામીન અરજી.

**ગુન્હો :–** બી.એન.એસ.ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ બી.ડીવી.પો. સ્ટે.ગુ.રજી. નં. ૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી ડી.જી.જામોડ
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ. પી.પી.શ્રી ડી.સી.ઠાકર

---

**-: હુ કા મ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ બી. ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ ૬૬(ડી) મુજબના ગુનાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૮૨ અન્વયે આ આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી ડી.સી.ઠાકરનાઓ હાજર થયેલ છે અને આંક-૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી ડી.વી.ડાંગર, પોલીસ ઈન્સ, જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશનનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.જી.જામોડનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, આ કામેના અરજદાર સામે જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧ ૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ- ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ- ૬૬(ડી) મુજબની ફરીયાદ નોંધવામાં આવેલ છે. હાલના કામના અરજદાર/આરોપી ફરીયાદ મુજબ ૭ નંબરના રહેલ છે. તેઓની ઉંમર ૧૯ વર્ષની રહેલ છે. ફરીયાદ વખતે તેઓની ઉંમર ૧૮ વર્ષની રહેલ છે. હાલના કામના અરજદાર/આરોપીને મુખ્ય આરોપી કેવીન સાથે એક મિત્ર મારફતે સંપર્ક સાધેલો હતો. હાલના કામના અરજદાર/આરોપી ધોરણ ૯ સુધી ભણેલ છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીને નોકરીની જરૂર હોય જેથી

મુખ્ય આરોપી કેવીનનાએ હાલના કામના અરજદાર/આરોપીને નોકરી આપવાનું કહેલ અને તે નોકરીની પ્રક્રિયાના ભાગરૂપે બેન્ક ખાતાની વિગતો માંગેલ હતી જેથી હાલના કામના અરજદાર/આરોપીએ તેઓની બેન્કના તમામ કાગળો ચેકબુક વગેરે મુખ્ય આરોપીને આપેલ હતા. વધુમાં જણાવેલ છે કે, હાલના કામના અરજદાર/આરોપીને આરોપી તેઓના એકાઉન્ટનો દુરઉપયોગ કરશે તેની ખબર ન હતી. અરજદાર/આરોપીએ ફકત નોકરી મળે તે આશયથી તેઓનો સંપર્ક સાધેલો હતો. આ કામના અરજદાર/આરોપી અમદાવાદના રહેવાસી છે તેમજ કોઈ જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર/આરોપી નાની ઉંમરના, કાનુનથી અજ્ઞાન છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. જેથી અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે. વધુમાં આ કામે અન્ય આરોપી મંજુલાબેન ગોવિંદભાઈ પટેલનાઓને ફો.૭૭૬/૨૦૨૬ થી અત્રેની કોર્ટ ધ્વારા આગોતરા જામીન ઉપર મુકત કરેલ છે. આમ, અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે ફરીયાદપક્ષે વિ.પી.પી. શ્રી ડી.સી.ઠાકરનાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, હાલના કામે મુખ્ય આરોપી કેવીન રહેલ છે અને તેઓની અટક કરેલ ત્યારે હાલના કામના સાહેદની ચેકબુક વગેરે મળી આવેલ હતું. હાલના કામના અરજદાર/આરોપીના ખાતામાં રૂા.૯૮૨૮૨/- જમા થયેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) બંને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો, તપાસ કરનાર અધિકારી શ્રી ડી.વી.ડાંગર, પોલીસ ઈન્સ, જૂનાગઢ બી.ડીવી.પોલીસ સ્ટેશનનાઓનું

આંક–૦૬ નું સોગંદનામું ધ્યાને લીધુ તથા રેકર્ડ ધ્યાને લીધું. હાલના કામે ફરીયાદપક્ષના કેસની હકીકત જોવામાં આવે તો, આ કામના આરોપી નં.૧ કેવીન રમેશભાઈ દેકીવાડીયાએ પોતાના બેંક એકાઉન્ટમાં તથા અલગ અલગ બેંક એકાઉન્ટ ધારકો આરોપી નં. ૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧,૧૨,૧૩,૧૪,૧૫, ૧૬,૧૭,૧૮ સાથે મળીને બેંક એકાઉન્ટ ધારકોને રૂપિયા આપી બેંક એકાઉન્ટની પાસબુક/ચેકબુક/ડેબીટ કાર્ડ/ક્રેડીટકાર્ડ તથા સીમકાર્ડ મેળવી અલગ અલગ ભોગબનનાર સાથે નાણાકીય ફ્રોડ કરી તમામ બેંક એકાઉન્ટોમાં સાયબર ફ્રોડ/ઠગાઈના રૂપિયા જમા થતા હોવાનું જાણવા છતાં પોતાનો બદઈરાદો પાર પાડવા ઠગાઈ કરવાના ઈરાદે આ બેંક એકાઉન્ટ ધારકોએ પ્રત્યક્ષ કે પરોક્ષ નાણાકીય લાભ મેળવવા એકબીજાને મદદગારી કરી સદર બેંક એકાઉન્ટો ખોટી રીતે ઈલેકટ્રોનીક માઘ્યમથી કોઈપણ પ્રકારે અન્ય ઈસમોને મોકલી આપી ભારતના અલગ અલગ રાજયમાં લોકોને સાયબર ફ્રોડનો ભોગ બનાવી તેમની પાસેથી છેતરપીંડી કરી સાયબર ફ્રોડના નાણા કુલ રૂા.૩૯,૫૩,૬૧૩.૦૮/– જેટલી સાયબર ફ્રોડ/ઠગાઈની રકમ બેંક એકાઉન્ટોમાં જમા કરી/કરાવડાવી સાયબર ફ્રોડ/ઠગાઈના રૂપિયા તેમના બેંક એકાઉન્ટોમાં મેળવી જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થીક ફાયદા સારૂ વિડ્રો/ટ્રાન્સફર કરી સગેવગે કરી ગુનો કર્યાનો આક્ષેપ રહેલો છે.

(૬) આ કામેનુ રેકર્ડ ઘ્યાને લેતા તપાસ કરનાર અધિકારીના સોગંદનામા મુજબ હાલના કામના અરજદાર/આરોપીની ઉત્કર્ષ સ્મોલ ફાયનાન્સ બેન્કની ચેકબુક જેના એકાઉન્ટ નં.૧૬૨૩૦૧૮૧૪૧૮૦૦૮૦૭ વાળી જે તે સમયે આરોપી કેવીનના કબજામાંથી મળી આવેલ છે. જે ચેકબુકના ધારક હાલના કામના અરજદાર/આરોપીનાઓ રહેલ છે. વધુમાં સદર એકાઉન્ટમાં ભોગબનનાર શીવમ

અજીત મોરે, રહે.મહારાષ્ટ્રના કુલ રૂા.૯૮,૨૮૨/– જમા થયેલ છે. આમ, હાલના કામના અરજદાર/આરોપીના ખાતામાં સાયબર ફ્રોડની રકમ જમા થયેલ છે. તે સંજોગોમાં હાલના કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીનું પ્રથમથી એફ.આઈ.આર.માં નામ રહેલ છે. અરજદાર/આરોપી તરફે રજુઆત રહેલ છે કે, તેઓને નોકરીની જરૂરીયાત હોય નોકરીની પ્રક્રિયા માટે તેઓના બેન્ક એકાઉન્ટના કાગળો આપેલ હોવાનું જણાવેલ છે. જો કે, સદરહુ રજુઆત પુરાવાનો વિષય બની રહે છે. વધુમાં સામાન્ય રીતે અરજદાર/આરોપી પોતાને નોકરી લેવા માટે મળેલ હતા તે સંજોગોમાં તે વ્યકિતને પોતાની ચેકબુક આપે તે હકીકત હાલના તબકકે માની શકાય તેમ નથી. વધુમાં હાલના કામના અરજદાર/આરોપીએ રજુઆત કરેલ છે કે, આરોપીની ઉંમર ૧૯ વર્ષની છે. જો કે, હે હકીકત ઉલ્લેખનીય છે કે, હાલના સમયમાં મોટા ભાગના કિસ્સામાં યુવાન વર્ગના લોકો જ આવા પ્રકારના સાયબર ફ્રોડના ગુનામાં સંડોવાયેલ હોવાના કિસ્સા સામે આવે છે. વધુમાં તાજેતરમાં યુવા વર્ગના યુવક–યુવતીઓ ધ્વારા ગંભીર પ્રકારના ગુના આચરતા હોવાના કિસ્સા વધતા જાય છે. જેથી અરજદાર/આરોપી નાની ઉંમરના હોય તે માત્રથી તેઓને આગોતરા જામીનની સવલત આપવી જોઈએ તેવી રજુઆત ગ્રાહય રાખી શકાય તેમ નથી. હાલના કામનો ગુનો ધ્યાને લેતા સાયબર ફ્રોડનો ગુનો રહેલ છે અને જે એક હિનીયસ પ્રકારનો ગુનો રહેલ છે. તેમજ આવા પ્રકારના ગુના દિન–પ્રતિદિન વધતા જાય છે. વધુમાં આવા પ્રકારના સાયબર ફ્રોડના ગુનામાં આગોતરા જામીનની સવલત આપવામાં આવે તો સમાજમાં તેની ગંભીર અસરો પડે તેમ છે. વધુમાં હાલના કામે ગુનાની તપાસ ચાલુ છે જેથી અરજદાર/આરોપીના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી બની રહે છે. તેમજ હાલના અરજદાર/આરોપી સામે ખોટી ફરીયાદ આપવામાં આવેલ હોય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપરથી ફલીત થતી નથી. બલકે તપાસના કામે હાલના કામના અરજદાર/આરોપીના બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રકમ

જમા થયેલ છે. તે સંજોગોમાં અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

- હાલના અરજદાર/આરોપી ક્રિષ્નાબેન હેમરાજભાઈ ચૌહાણ, રહે.બ્લોક નં.૮, રૂમ નં.૧૦૬, નર્મદા એપાર્ટમેન્ટ, મેટ્રો સ્ટેશન નજીક, વસ્ત્રાલ, અમદાવાદવાળાની જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૩૦૨૪૨૬૦૩૯૮/૨૦૨૬, બી. એન. એસ.ની કલમ- ૩૧૭(૨), ૩૧૭(૪), ૩૧૮(૪), ૫૪ તથા આઈ.ટી.એકટની કલમ- ૬૬(ડી) મુજબના ગુનાના કામની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૨ અન્વયે આગોતરા જામીન ઉપર મુકત કરવાની હાલની અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૬/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)